# વાર્ષીક અહેવાલ – ૨૦૧૮-૧૯

**ટુંકસારઃ**

૧૮-૧૯ના વર્ષમાં મુખ્ય ઉપલબ્ધી એ ગણાય કે ૨૦૦૮થી ઈએસઆઈમાંથી સીલીકોસીસ માટે અપંગતા લાભનો દાવો કરનારા ૯ આદીવાસી કુટુંબોને તેમના લાભ ચુકવાઇ ગયા તે મોટી ઉપલબ્ધી. ૨૦૦૮માં ૧૫ કામદારોએ ઈએસઆઇ કોર્ટમાં દાવો કર્યો હતો.સુનાવણી દરમીયાન ૬ના મૃત્યુ થયા. બાકીના ૯ દાવેદારોની તરફેણમાં કોર્ટે ૨૬-૦૨-૧૫ને રોજ ચુકાદો આપ્યો હતો જેને ઇએસઆઇ કોર્પોરેશને હાઇકોર્ટમાં પડકાર્યો હતો. હાઇકોર્ટે ૨૦ જુલાઇ ૨૦૧૮ના ચુકાદાથી કોર્પોરેશનની અપીલ ફગાવી દીધી હતી. આખરે એ ચુકવણી થઇ ગઇ. એજ રીતે જંબુસરના એક દેગામમાં સીકીકોસીસને કારણે મૃત્યુ પામેલા અકીક કારીગરના વીધવાને સરકારી ઠરાવ મુજબ રુ.એક લાખની સહાયનો દાવો નામંજુર થતો હતો તે પાછળ આપણે સતત મહેનત કરી અને ફોલોઅપ કર્યુ અને તે દાવો મંજુર કરાવી તેમને ચુકવણું કરાવી શકાયું.

આપણી ફરીયાદો સંદર્ભે ખંભાતના અકીક કારીગરોને રુ.૪/- લાખ ચુકવવા રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ દ્વારા ગુજરાત સરકારને ભલામણ કરાઇ હતી પરંતુ ગુજરાત સરકાર અમલ કરતી ન હતી.એપ્રીલ મહીનામાં પંચે ગાંધીનગર ખાતે જાહેર સુનાવણી રાખી જેમાં ગુજરાત સરકારે ખાતરી આપી અને તે પછી અમલ કર્યો તે કારણે જે કુટુંબોને રુ.૧/- લાખ અગાઉ ચુકવાયા હતા તેમને બીજા રુ.૩/- લાખની ચુકવણી કરવામાં આવી.

વર્ષો સુધી ખંભાતમાં અકીક કારીગરો વચ્ચે સીલીકોસીસને મુદ્દે કામ કર્યુ અને તે કામમાં થોડી સફળતા મળી તે પછી બીજા વીસ્તારોમાં આ કામને લઇ જવાની ઇચ્છા હતી. જાન્યુઆરી મહીનાથી આપણે થાન વીસ્તારમાં સીરામીક કામદારો વચ્ચે સીલીકોસીસને મુદ્દે કામ શરુ કરી શકયા તે બીજી ઉપલબ્ધી.

આઇએલઓ દ્વારા તેની શતાબ્દી ઉત્સવના ભાગરુપે એક પુસ્તીકા તૈયાર કરવાનું નકકી થયું અને તે પુસ્તીકામાં અકસ્માતો અને વ્ય.રોગોની નોંધણીની સમસ્યાઓ ઉપર લખવાનું આમંત્રણ મળ્યું તે પણ આ ક્ષેત્રમાં આપણા પ્રદાનનો સ્વીકાર થયો તેમ ગણી શકાય.

ઈએસઆઇ સામાજીક સુરક્ષા માટેનો મહત્ત્વનો કાયદો છે પણ તેનો અમલ ઘણો નબળો છે. તે અંગે આપણે સતત રજુઆતો કરતા રહ્યા છીએ અને તેની કંઇક અસર જોવા મળે છે. બીજી બાજુ કામદારોમાં એ અંગે વધુ જાગૃતી આવે તે માટે તાલીમ કાર્યક્રમો કરતા રહ્યા છીએ.

ખંભાતના અકીક કારીગરો તેમજ સીલીકોસીસ પીડીતોને સંગઠીત કરવાના પ્રયાસ સતત કરતા રહ્યા પરંતુ તેમાં ધારી સફળતા મળતી નથી. સુરતના કાપડ ઉદ્યોગના કામદારો અંગે આપણે અભ્યાસ હાથ ધરી તેનો અહેવાલ પ્રગટ કર્યો તે પછી તેમની સાથે કામ કરવાના ઈરાદે એક બેઠક ગોઠવી પણ પછી તેમાં આગળ વધી શકાયું નહી.

ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ હેલ્થ નેટવર્ક ઈન્ડીયા નામના સંગઠનના કાર્યલયની જવાબદારી હાલ પીટીઆરસી સંભાળે છે. તેના ભાગરુપે કેટલીક બેઠકો ગોઠવાઇ, સભ્યોની બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું. તેમાં લીધેલા નીર્ણયો મુજબના વીવીધ કાર્યક્રમો કર્યા જેની વીગત આ અહેવાલમાં મળશે.

જનસ્વાસ્થ્ય અભીયાન, એસ્બેસ્ટોસ પર પ્રતીબંધની માગણી કરવાનું અભીયાન અને એશીયન નેટવર્ક ઓફ રાઇટસ ઓફ ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ વીકટીમ્સ સાથે જોડાવાનું ચાલુ રહ્યું અને આ સંસ્થાઓમાં આપણે પ્રદાન કરતા રહ્યા.

પંચની ભલામણ છતાં હજુ ગુજરાત સરકારે સીલીકોસીસ પીડીતો માટે કોઇ નીતી તૈયાર કરી નથી તે માટે રજુઆતો કરવાનું ચાલુ રાખીશું.

"સલામતી"નું પ્રકાશન બંધ કર્યું અને નવા માળખા હેઠળ ફરી પ્રકાશન શરુ કરવાની તૈયારી પણ કરી. તે માટે જરુરી ફોર્મ ભરી દીલ્હી મોકલી આપ્યા પરંતુ દીલ્હીથી કોઇ જ ખબર આવતા નથી.

## ખંભાતઃ

- ખંભાત ખાતે આપણું રોજ ખુલતું કાર્યાલય તો બંધ થયું પરંતુ અઠવાડીયે એકવાર કાર્યકર જાય અને કામદારોની સમસ્યાઓ સાંભળે અને તે અનુસાર સરકારમાં રજુઆત કરતા રહે તેમ ગોઠવ્યું. પીડીતો સંગઠીત થાય અને પોતાની જાતે આ સંઘર્ષ સંભાળે તે માટે પણ પ્રયાસો કર્યા પણ તેમાં ઝાઝી સફળતા મળી નહી.
- ૫ એપ્રીલ- મીતેશ અને સાથીઓ ધારાસભ્ય શ્રી મયુર રાવલને મળી આવેદનપત્ર આપી આવ્યા.માનવ અધીકાર પંચની ભલામણોની પણ તેમને જાણકારી આપી.
- ૨૧/૪ – નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓકયુપેશનલ હેલ્થ (એન.આઇ.ઓ.એચ) દ્વારા લોહીના નુમનાના પરીક્ષણ દ્વારા સીલીકોસીસનું નીદાન કરવા અંગે સંશોધન હાથ ધરાયું. તેમાં આપણો સહકાર માગતાં આપણે આપ્યો. એનઆઇઓએચની ટીમ સીલીકોસીસ ગ્રસ્તોના લોહીના નમુના લેવા આવી. ૧૬ સીલીકોસીસ પીડીતોએ સહકાર આપ્યો.




- ૨૮/૪ – આંતર્રાષ્ટ્રીય કામદાર સ્મૃતી દીવસ પ્રસંગે ૨૮ એપ્રીલને રોજ ખંભાત ખાતે બાબા સાહેબ આંબેડકરના પુતળા પાસે ધરણાનું આયોજન કરવામાં આવ્યું. સીલીકોસીસ પીડીતો અને તેમના કુટુંબીજનોએ તેમાં હાજરી આપી મૃતકોને અંજલી આપી. જગદીશ પટેલે આ દીવસ અને ચાલી રહેલા સંઘર્ષ વીશે માહીતી આપી.
- મે મહીનામાં પાંચેક મુલાકાતો કરી, મીટીંગો કરી. એન.એચ.આર.સી. ની ભલામણોના અમલ માટે માગણી કરવા શી પ્રવૃત્તી કરવી તેની ચર્ચા કરી. ૧૧ મેને દીવસે મામલતદારને મળી આવેદનપત્ર આપવામાં આવ્યું. ૧૬ મે ને દીવસે નવનીયુકત ગ્રામીણ મજુર કમીશનરશ્રી ખંભાતની મુલાકાતે આવ્યા

અને આપણી સાથે બેઠક કરવાની ઇચ્છા દર્શાવી. આપણે ગયા અને કેટલાક કામદારોને પણ બોલાવી મુલાકાત કરાવી. તેમણે બહુ સહાનુભુતીપુર્વક સૌને સાંભળ્યા અને પોતાના અધીકારીઓને કેટલીક સુચના આપી.



- જુન મહીના દરમીયાન ચાર મુલાકાત કરવામાં આવી અને કામદારોને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- જુલાઇ મહીના દરમીયાન એનઆઇઓએચના ડો. અવીનાશ પગધુને આવ્યા અને અગાઉ જેમના લોહીના નમુના લીધા હતા તે પીડીતોના એક્સ-રે જોયા. પછી તેમને અકીકના કારખાનાઓની મુલાકાત કરાવી. ૧૯ જુલાઇએ આણંદ કલેકટરશ્રીની મુલાકાત લીધી અને જેમને સહાય ચુકવાઇ નથી તે અંગે તેમને એન.એચ.આર.સીની ભલામણોના અમલ માટે રજુઆત કરી.
- ઓગષ્ટ મહીના દરમીયાન ખંભાતની ૧૨ મુલાકાત કરી.૮ ઓગષ્ટના રોજ પીડીતોની મીટીગ કરી.૨૮ ઓગષ્ટે ખંભાતના દરીયા કાંઠાના વીકાસ અંગેની જાહેર સુનાવણીમાં હાજરી આપી. સપ્ટેમ્બર મહીનામાં પણ ૫ મુલાકાત કરી. આણંદ કલેકટર ઓફીસમાં ફોલોઅપ કર્યું. ૧૦ સપ્ટેમ્બરે પેટલાદમાં જનવીકાસના કાર્યક્રમમાં હાજરી આપી અને પેટલાદ મજુર મહાજનમાં શ્રી અરુણ દેસાઇની મુલાકાત લીધી. ઓકટોબર મહીનામાં ભણસાલી ટ્રસ્ટના કાર્યકરો આવ્યા તેમને જરુરી મદદ કરી. માર્ચ મહીનામાં સીલીકોસીસ વીષય પર દસ્તાવેજી ફીલ્મ બનાવવા સંદર્ભે મુલાકાતો કરી અને કેટલાક પીડીતોના ઇન્ટરવ્યુ કર્યા. માર્ચ મહીનામાં સીલીકોસીસ પીડીત મકસુદભાઇ અને સીકંદરભાઇની મુલાકાત કરી. મકસુદભાઇને પટેલાદ જીલ્લા ક્ષય કેન્દ્રમાં લઇ ગયા અને ત્યાં તેમને સીલીકોસીસ હોવાનું પાકું કરાયું.



## સીલીકોસીસઃ

જન સ્વાસ્થ્ય અભીયાનની બેઠકોમાં ગુજરાતમાં આરોગ્ય પર કામ કરતી સંસ્થાઓ અને તેના પ્રતીનીધીઓ અને કાર્યકરોના સંપર્કમાં આવવાનું થાય. તેમની પાસેથી તેમના વીસ્તારની સમસ્યાઓની પણ માહીતી મળે. "સારથી" સંસ્થાના કાર્યકરો દ્વારા અમને જાણવા મળ્યું કે તેમના વીસ્તારમાં કુવો ગાળવાનું કામ કરતા શ્રમજીવીઓ ટીબી અને કદાચ સીલીકોસીસનો ભોગ બને છે. સારથીના કાર્યકર રમેશભાઇ સાથે નકકી કરી મીતેશભાઇએ ૧૧ એપ્રીલે ગોધર ગામની મુલાકાત લીધી. ટીબીથી પીડાતા દર્દીઓને મળીને તેમને સીલીકોસીસ વીશે સમજ આપી. સીલીકોસીસનું નીદાન એક્સ-રેથી થાય છે તે સમજાવી તેમને એક્સ-રે કરાવી લેવા સલાહ આપવામાં આવી. તેમના જેવું કામ કરતા અને તેમના જેવી આરોગ્યની સમસ્યાથી પીડાતા અન્ય લોકોને શોધી કાઢવાની પણ તેમને અપીલ કરી. જેમની મુલાકાત થઇ શકી નહી તેમના તબીબી દસ્તાવેજોની નકલ પીટીઆરસીને મોકલી આપવા પણ સુચન કર્યું. જો કે તે પછી અમને કોઇ દસ્તાવેજ મળ્યા નહી અને વાત આગળ વધી નહી. બીજી મુલાકાત ગોઠવાઇ નહી.

થાનમાં કામ કરવાના ઈરાદાથી રાજકોટમાં એક નાના જુથની રચના કરી અને તે જુથ સાથે બેઠકો ગોઠવી. તે બેઠકમાં મળેલા સુચનોને આધારે મીતેશભાઇએ ઓગષ્ટમાં થાનની મુલાકાત લીધી અને ત્યાં અગાઉથી જાણીતા દીનેશ પરમારને મળી એક બેઠક ગોઠવવામાં તેમનો સહકાર માગ્યો. તેઓ તે માટે તૈયાર તો થયા પણ વારંવારના ફોલોઅપ પછી પણ તેઓ એવી બેઠક ગોઠવી શકયા નહી. મીતેશભાઇ પોતાની પહેલી મુલાકાતમાં સ્થાનીક ટીબી સુપરવાઇઝરને પણ મળ્યા. તાલુકા આરોગ્ય અધીકારીને પણ મળ્યા. બે દર્દીને પણ મળ્યા.અન્ય જાણીતાને પણ મળ્યા. આમ એક ભુમીકા બંધાઇ.



મીતેશભાઇએ ઓકટોબરમાં સુરેન્દ્રનગર જીલ્લા ક્ષય કેન્દ્રની મુલાકાત લીધી અને વાંકાનેર ટીબી સેન્ટરની પણ મુલાકાત લીધી. ડીસેમ્બરમાં રાજકોટ જુથ સાથે બેઠક કરી તેમને પ્રગતીનો અહેવાલ આપ્યો. જાન્યુઆરીમાં થાનની ફરી મુલાકાત લીધી અને એક દર્દી સાથે બેઠક ગોઠવવાની વાત કરી. ફેબ્રુઆરીની ૫ તારીખે મુકેશભાઇ મહાલીયાના ઘરે બેઠક કરી. આ બેઠકમાં અમારી સાથે “ગણતર” સંસ્થાના શ્રી હીમતભાઇ વોરા પણ જોડાયા. મુકેશ મહાલીયાને ઘરે કરેલી મીટીગમાં ૧૩/૧૪ કામદારો આવ્યા. અને અહી કામ થઇ શકશે તેવી ખાતરી થઇ. વળતાં ચોટીલામાં મથુરભાઇને મળ્યા.

દરમીયાન અહી કામ કરવા પુરા સમયના કાર્યકર શોધવાનું શરુ કર્યુ અને અમદાવાદમાં તે માટે ઇન્ટરવ્યુ ગોઠવ્યા. એક પુરા સમયના કાર્યકર થાનના નીલેશભાઇ અને ખંડસમયના કાર્યકર તરીકે સુરેનદ્રનગરના મનસુખભાઇ સાથે ગોઠવાયું. માર્ચની ૬ તારીખે આ બંને કાર્યકરોને સુરેનદ્રનગર ખાતે “ગણતર”ના કાર્યાલયમાં ઇન્ડકશન તાલીમ આપી અને સાહીત્ય આપ્યું.



૧૪ માર્ચને દીવસે થાનના આંબેડકર હોલમાં મીટીગ કરી જેમાં ૩૦/૪૦ કામદાર આવ્યા. ૪/૫ દર્દીઓને ઘરે જઇ મળ્યા. દર મહીનાના બીજા અને ચોથા શનીવારે સ્થાનીક કાર્યકરો, સ્વયંસેવકો અને કામદારો સાથે બેઠક ગોઠવવાનું નકકી કર્યુ. તે પછી માર્ચની જ ૨૨ અને ૨૩ દરમીયાન ત્યાં દસ્તાવેજી ફીલ્મના શુટીગ માટે ગયા.

૨૩મીએ મહીનાનો ચોથો શનીવાર હોવાથી થાનના અન્ય વીસ્તારમાં આવેલ લાઈબ્રેરી હોલમાં મીટીંગ ગોઠવી. કામ ધીમે ધીમે ગોઠવાતું જશે તેવો સધીયારો બંધાયો.

## Legal Work:

On 20 July Gujarat High Court upheld the order by Labor Court, Vadodara ordering ESI Corporation to pay disablement benefit to the 9 claimants. PTRC had helped the claimants file their petition in Labor Court, Vadodara in 2008.

## એસ્બેસ્ટોસ:



એસ્બેસ્ટોસ પર પ્રતીબંધ મુકાય તે માટે પ્રયાસો કરવા માટે આપણે ગત વર્ષે બોલાવેલ બેઠકમાં ઈન્ડીયા બાન એસ્બેસ્ટોસ નેટવર્ક (આઈબાન) નામનું સંગઠન બનાવાયું હતું અને તેનું કાર્યાલય દીલ્હીની એન્વીરોનીક્સ સંસ્થા સંભાળે તેવો નીર્ણય થયો હતો. આઈબાન દ્વારા ચેન્નૈમાં ૧૧ મે ને દીવસે બેઠક ગોઠવવામાં આવી. એગમોરમાં હીન્દ મઝદુર સભાના હોલમાં આ બેઠકનું આયોજન થયું. તેમાં હાજરી આપી પ્રેઝન્ટેશન આપ્યું.

વડોદરામાં "સસ્ટેનેબલ ઈએચએસ" નામની કંપની સ્થાપી ઈન્ડસ્ટ્રીયલ હાયજીનનું કામ કરતા ઉત્પલ ભાવસાર સલામતી અને આરોગ્ય અંગેની બ્રીટનની પરીક્ષાઓ માટે ઉમેદવારોને તૈયાર કરી, પરીક્ષા ગોઠવતા હોય છે. તે શ્રેણીમાં એસ્બેસ્ટોસ અંગેની પરીક્ષા માટે ૨૮ અને ૨૯ મેને રોજ વડોદરામાં એમણે તાલીમ અને અંતે પરીક્ષા ગોઠવી. તેમાં પ્રેઝન્ટેશન આપવા તેમણે આમંત્રણ આપ્યું અને એ પરીક્ષા આપવા પણ તેમણે આગ્રહ કર્યો પણ અગાઉથી તૈયાર થયેલા પ્રવાસ કાર્યક્રમને કારણે એમ થઇ શકયું નહી. આ પરીક્ષા આપવા માત્ર ભારતના નહી પરદેશના વીદ્યાર્થીઓ પણ આવ્યા હતા. આ બહાને આ પરીક્ષાઓ અંગે મારી સમજ વધી.

આઇ-બાન દ્વારા દીલ્હી ખાતે ૧૯-૨૦ જાન્યુઆરીએ ગોઠવાયેલ બેઠકમાં હાજરી આપી જેમાં જીનેવા ખાતે મળનાર રોટરડામ કન્વેન્શનની બેઠક માટે શી અને કેવી તૈયારી કરવી તેની ચર્ચા કરવામાં આવી અને નીર્ણયો લેવાયા.

ઓહેનીના સભ્યોની અમદાવાદ ખાતે મળેલ બેઠકમાં એસ્બેસ્ટોસ પીડીતોની બેઠક ભોપાલમાં રાખવાનો નીર્ણય થયો હતો તે મુજબ ૧૯-૨૦ ફેબ્રુઆરીએ ઓહેની દ્વારા આપણે ભોપાલ ખાતે બેઠકનું આયોજન કર્યું. તેમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના પીડીતોએ હાજરી આપી.

**આરટીઆઇ:**

| **અનુક્રમ** | **તારીખ** | **કોની પાસે માહીતી માગી** | **બાબત** | **નોંધ** |
|---|---|---|---|---|
| ૧ | ૨૨-૦૫-૧૮ | જાહેર માહીતી અધીકારી, કલેકટર કચેરી, ભરુચ | જી.એન.એફ.સી.માં નવેમ્બર,૨૦૧૬માં થયેલ ગેસ ગળતરના બનાવમાં કલેકટરે તપાસના હુકમના સંદર્ભે થયેલ તપાસના અહેવાલની નકલ માગી | કલેકટર ઓફીસે અરજી જીએનએફસીને તબદીલ કરી; જીએનએફસીએ જવાબ આપ્યો કે અમને આરટીઆઇ કાયદો લાગુ પડતો નથી |
| ૨ | ૨૩-૦૭-૧૮ | અપીલ અધીકારી,કલેકટર કચેરી, ભરુચ | ઉપર બાબતે પહેલી અપીલ | કોઇ જવાબ નહી |
| ૩ | ૧૧-૦૯-૧૮ | ગુજરાત રાજ્ય માહીતી કમીશ્નર, ગાંધીનગર | ઉપર બાબતે બીજી અપીલ | અરજી ૧૮-૦૯-૧૮ને રોજ દાખલ કરી વંચાણે લીધી. આયોગે નીયત કરેલા દસ્તાવેજો અરજી સાથે જોડયા ન હોવાથી અપીલ નં.અ-૭૩૬૩-૨૦૧૮ દફતરે કરવામાં આવી. |
| ૪ | ૦૬-૦૬-૧૮ | ગુજરાત રાજ્ય માહીતી કમીશ્નર, ગાંધીનગર | ગાંધીનગરમાં વીધાનસભાની ચુંટણીબાદ મુખ્યમંત્રી અને મંત્રીમંડળની શપથવીધી કાર્યક્રમ માટે બંધાઇ રહેલા ડોમ પરથી પટકાયેલા મજુરના મૃત્યુ અંગે માગેલ માહીતી મળી ન હોવાથી બીજી અપીલ | |
| ૫ | ૨૨-૦૫-૧૮ | ગુજરાત રાજ્ય માહીતી કમીશ્નર, ગાંધીનગર | ૧૧-૧૨-૧૭ની રુરલ લેબર કમીશ્નર સમક્ષ કરેલ માહીતી અધીકાર અરજીનો કોઇ જવાબ મળ્યો નહી, પ્રથમ અપીલ ૯-૦૩-૧૮ને રોજ કરી તેનો પણ જવાબ મળ્યો નહી તેથી બીજી | અપીલ દાખલ કરી વંચાણે લીધી પણ ૩૦-૦૭-૧૩ના આયોગના ઠરાવ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અપીલ ફાઈલ કરી | મુજબ બાંહેધરી આપી ન હોવાથી અપીલ દફતરે કરી. |

## ઇ.એસ.આઇ.સાથે કામ:

- ઇએસઆઇ કોર્પોરેશનની એક યોજના એવી છે કે ઇન્ડસ્ટ્રી એસોસીએશન જો તૈયાર હોય તો તેમના વીસ્તારમાં ઇએસઆઇનું દવાખાનું ખોલવા આર્થીક મદદ આપી શકે. વાઘોડીયા વીસ્તારમાંથી ઘણી ફરીયાદો થતી હોવાને કારણે આવી દરખાસ્ત પર વીચાર કરાવાનું ઠરાવાયું. આ પ્રકારના દવાખાનામાં રાજય સરકારનો કોઇ હસ્તક્ષેપ હોતો નથી. વાઘોડીયા ઇન્ડ.એસો સાથે વાત કરી એમની પાસે દરખાસ્ત કરાવડાવી. તે પછી વધુ ચર્ચા માટે ઇએસઆઇ કોર્પોરેશનના અધીકારીઓ અને ઇન્ડસ્ટ્રી એસોસીએશનના અધીકારીઓ વચ્ચે એસોસીએશનના કાર્યાલયમાં ૮મેને દીવસે બેઠક ગોઠવાઇ તેમાં હાજરી આપી. બંને પક્ષો વચ્ચે શરતો વીશે ચર્ચા થઇ અને સ્પષ્ટતાઓ થઇ. ઇએસઆઇ કોર્પોરેશનના સ્થાનીક કાર્યલય દ્વારા અમદાવાદના ક્ષેત્રીય કાર્યાલયને દરખાસ્ત મોકલી આપવામાં આવી પરંતુ નાણાંકીય વર્ષના અંત સુધી તેમાં કોઇ પ્રગતી થઇ નહી.





- જુન મહીનામાં ૧૮ તારીખે અમે વાઘોડીયા વીસ્તારના કામદાર આગેવાન મહેન્દ્ર ચૌહાણ અને અન્ય કામદારો સાથે વારસીયા વીમા દવાખાના અને લોકલ ઓફીસની મુલાકાત લીધી અને ત્યાંની સમસ્યાઓ સમજી અધીકારીઓ સાથે ચર્ચા કરી. તે અંગે જુલાઇ મહીનામાં સુવીધા સમાગમમાં તસ્વીરો સાથે દવાખાનાની ગંદકીની રજુઆત કરી.



- જુલાઇ મહીનામાં અમદાવાદ બાપુનગર ઇએસઆઇ હોસ્પીટલ ખાતે વ્યવસાયીક રોગોના દવાની તપાસ માટે સ્પેશીયલ મેડીકલ બોર્ડની બેઠક થઇ. આ બોર્ડમાં ઝાલોદના ખુમસીંગ ફતા અને કમીલા ફતાને તપાસ માટે બોલાવાયા હતા. તેમની મદદ માટે આપણે સાથે રહ્યા અને તપાસ કરાવડાવી. બોર્ડના સભ્યોના સવાલોના જવાબ આપ્યા.
- ઓગષ્ટ મહીનામાં વડોદરાની વીમા હોસ્પીટલના સુપ્રીન્ટેન્ડન્ટને મળી હોસ્પીટલના તબીબો માટે વ્યવસાયીક રોગોના નીદાન માટે અનુકુળ સમયે બે-ત્રણ કલાકની ચર્ચા ગોઠવવાની દરખાસ્ત કરી. તેમણે વીમા યોજનાના નીયામક પાસેથી એ માટે પરવાનગી મેળવી લાવવાનું સુચન કર્યું.
- ઓકટોબરની પહેલી તારીખે કાલોલ ઇએસઆઇ લોકલ ઓફીસની મુલાકાત લીધી અને ગુજરાત હાઇકોર્ટના જુલાઇ મહીનાના હુકમના અમલની પ્રગતી અંગે માહીતી મેળવી.
- એપ્રીલ, સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર, જાન્યુઆરી અને માર્ચ મહીનામાં માસીક સુવીધા સમાગમની બેઠકોમાં હાજરી આપી પ્રશ્નોની રજુઆત કરી. મે-જુન-જુલાઇ-ઓગષ્ટ-ડીસેમ્બર-ફેબ્રુઆરીમાં હાજરી આપી શકાઇ નહી.
- ૨૯/૧૧ને રોજ અમદાવાદમાં ઇ.એસ.આઇ.કોર્પોરેશનના ક્ષેત્રીય નીદેશક ડો.કાલાની મુલાકાત લઇ રજુઆત કરી.

- ૨૫ જાન્યુઆરીએ કામદારોને થતી હેરાનગતી અંગે અને ફેબ્રુઆરીમાં સમગ્ર વડોદરા જીલ્લાને ઇએસઆઇ કાયદા હેઠળ આવરી લેવાના જાહેરનામા અંગે પ્રેસનોટ તૈયાર કરી મોકલવામાં આવી.
- રાજયના સ્ટેટ મેડીકલ ઓફીસરને પત્ર લખી રજુઆતો પણ કરી.
- આ સાથે કેટલીક કેસસ્ટડી તેમજ પ્રેસનોટ રજુ કરીએ છીએ જે પરથી કામદારોને કેવા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે સમજાય છે.

કેસસ્ટડી-૧



માર્ચ મહીનાને અંતે વાઘોડીયાના કામદાર આગેવાન મહેન્દ્ર ચૌહાણ સંજય રોહીત નામના કામદારને લઇને આવ્યા. અમર ઓટોટેક, જી.આઇ.ડી.સી,વાઘોડીયામાં કોન્ટ્રાકટર જગદીશ (જયકીશોર) શર્માના કોન્ટ્રાકટમાં તેઓ કામદાર તરીકે કામ કરતા હતા. તેમને કારખાનામાં તા.૧૨/૧૦/૨૦૧૬ને રોજ બપોરે ૩ વાગ્યાના અરસામાં પ્રેસ મશીન પર કામ કરતાં જમણા હાથની ૩ આંગળી કપાઇ ગઇ અને ચોથી આંગળી ઈજાગ્રસ્ત હોવાને કારણે વાંકી વળી શકતી નથી. તેમને તે સમયે કંપનીએ ઇ.એસ.આઇ.કાર્ડ આપ્યું ન હતું અને તેમને આ કાયદો અને તે હેઠળ મળતા લાભો વીશે કોઇ જાણકારી ન હતી. અકસ્માત બાદ કંપનીએ તેમને પારુલ હોસ્પીટલમાં સારવાર માટે મોકલ્યા અને તે અંગે જે ખર્ચ થયું તે કંપનીએ ચુકવ્યું હતું. તે અકસ્માત પછી તેઓ કંપનીમાં નોકરી કરવા ગયા ન હતા. તે પછી કોઇ કે સલાહ આપતાં તેમણે એક વકીલનો સંપર્ક કર્યો હતો અને તેના દ્વારા લેબર કોર્ટ, વડોદરામાં ૧૭/૦૨/૨૦૧૭ને રોજ કામદાર વળતર ધારા હેઠળ વળતર દાવો કર્યો હતો. તે દાવામાં સામાવાળાએ તા.૨૧/૦૨/૧૮ને રોજ કોર્ટમાં જમા કરાવેલા જવાબમાં જણાવ્યું હતું કે કામદારને ઇ.એસ.આઇ.કાયદા હેઠળ આવરી લીધા હતા અને અકસ્માતનું ફોર્મ પણ એમણે સમયસર લોકલ ઓફીસમાં જમા કરાવી દીધું હતું. પોતાના જવાબમાં એમણે અકસ્માત ફોર્મની નકલ પણ જોડી હતી. તે પછી કામદારના વકીલે દાવો પરત ખેંચવા માટેની અરજી કોર્ટમાં રજુ કરી હતી. તેને આધારે તા.૯/૦૩/૧૯ને રોજ નામદાર લેબર કોર્ટે દાવો પરત ખેંચવાની અરજી મંજુર રાખી હતી અને તે માટે પરવાનગી આપી હતી. વીગત જાણી આપણે લોકલ ઓફીસમાં લેખીત રજુઆત કરી કામદારને ન્યાય આપવાની માગણી કરી હતી.

કેસસ્ટડી-૨

૨૩ જાન્યુઆરીએ રાત્રે ૧૧.૧૦ વાગે વાઘોડીયા જી.આઇ.ડીસીની ચોપરા ઇન્ડ.માં જગદીશ વણકરને અકસ્માત થયો, હાથની એક આંગળીનો એક વેઢો કપાઇ ગયો. તેને તાત્કાલીક પારુલ હોસ્પીટલમાં પ્રાથમીક સારવાર આપી અને બીજે દીવસે સવારે ઇ.એસ.આઇ. હોસ્પીટલમાં લઇ ગયા. ત્યાં તેનો એકસ-રે વીગેરેની તપાસ કરી પ્લાસ્ટીક સર્જરી માટે મેટ્રો હોસ્પીટલમાં એમ્બ્યુલન્સ દ્વારા બપોરે ૩.૩૦ વાગે મોકલવામાં આવ્યો. મેટ્રો હોસ્પીટલે તેને જણાવ્યું કે અહી ચાર-પાંચ દીવસની રજા છે એટલે સારવાર હાલ મળશે નહી. તે પછી તેઓ છકડામાં બેસી ગમેતેમ કરી ઇ.એસ.આઇ. હોસ્પીટલ પહોંચ્યા અને રજુઆત કરતાં તેમને સયાજી હોસ્પીટલમાં મોકલવામાં આવ્યા. ત્યાં તેમને મેડીકો-લીગલ કેસ કરવા જણાવાયું અને તે પછી જ સારવાર મળશે તેમ કહેવામાં આવ્યું. ઇ.એસ.આઇ.માંથી જતા વીમા કામદારોને એ વીધી કરવાની હોતી નથી. છતાં તેમને એ મુજબની સુચના

આપવામાં આવી. કામદાર ગભરાઇ ગયા એટલે ઘરે ચાલી ગયા. સવારે વ્યવસાયીક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળના કાર્યકરો સાથે ગોત્રી હોસ્પીટલ ગયા અને આર.એમ.ઓ અને મદદનીશ નીયામક સમક્ષ રજુઆત કરી. તે પછી તેમને પારુલ હોસ્પીટલમાં રીફર કરવા માટેની પરવાનગી આપતાં બપોર બાદ તેમને પારુલ હોસ્પીટલ, વાઘોડીયા દાખલ કરવામાં આવ્યા જયાં સોમવાર, તા.૨૮-૦૧-૧૯ને દીવસે, એટલે કે અકસ્માત પછીના પાંચમા દીવસે તેમનું ઓપરેશન કરવામાં આવ્યું.

## કેસસ્ટડી-૩

વડોદરા વીભાગમાં ૨.૭૪ લાખ જેટલા કામદારોને કામદાર રાજય વીમા કાયદા હેઠળ આવરી લેવાયા છે અને તે વીમાના પ્રીમીયમ પેટે દર મહીને તેમના પગારમાંથી ૧.૭૫% ફાળો કાપી લેવામાં આવે છે. માલીક કુલ પગારના બીજા ૪.૭૫% ઉમેરે છે. કામદાર રાજય વીમા નીગમના ૨૦૧૬-૧૭ના વાર્ષીક અહેવાલ મુજબ એપ્રીલ,૨૦૧૬થી માર્ચ ૨૦૧૭ દરમીયાન દેશમાંથી કુલ રુ.૧૩,૬૬૨.૪૪ કરોડ રુપીયાનો ફાળો ભેગો થયો હતો અને તે સામે રુ.૭,૭૭૬.૯૫ કરોડ વીમા કામદારોને લાભ આપવા પેટે અને વહીવટી ખર્ચ પેટે રુ.૧,૭૩૨.૦૪ કરોડ થઇ કુલ રુ.૯,૭૨૭.૭૧ કરોડનો ખર્ચ કર્યો. એક જ વર્ષમા રુ.૩,૯૩૪.૭૩ કરોડનો ચોખ્ખો નફો થયો અને ૫૦ કરતાં વધુ વર્ષથી એમને દરવર્ષે જે નફો થાય છે તેની કુલ રકમ અબજોમાં છે.

છતાં વીમા એમની હોસ્પીટલોમાં માત્ર પ્રાથમીક અને દ્વીતીય સ્તરની સેવાઓ જ આપવામાં આવે છે, તૃતીય સ્તરની સારવાર માટે કામદારોને પહેલાં તો માત્ર સરકારી હોસ્પીટલોમાં મોકલવામાં આવતા પણ થોડા વર્ષથી ખાનગી હોસ્પીટલો સાથે જોડાણ કરવામાં આવ્યું છે. તે કારણે હૃદયના ઓપરેશન વીગેરે ખાનગી હોસ્પીટલમાં થઇ શકે છે.

હવે છેલ્લા બે ત્રણ મહીનાથી વીમા હોસ્પીટલમાંથી કામદારોને અને તેમના સગાઓને જોડાણ હેઠળની હોસ્પીટલમાં રીફર તો કરાય છે પણ ખાનગી હોસ્પીટલના કરોડોના બીલ ઇ.એસ.આઇ.કોર્પોરેશને ચુકવવાના બાકી છે તે કારણે હોસ્પીટલો વીમા કામદારોને સારવાર આપવાનો ઇન્કાર કરી દે છે અથવા જુદી જુદી રીતે હેરાન કરે છે.

દીપક તબલાવાલા પણ વીમા કામદાર છે. તેમના પીતાને ૨૦૧૭માં હૃદયરોગ માટે ગોત્રી હોસ્પીટલના નીષ્ણાતો દ્વારા બેન્કર્સ હોસ્પીટલમાં રીફર કરવમાં આવ્યા. ત્યાં તેમની પાસે રુ.૧૪,૦૦૦/- ડીપોઝીટ ભરાવવામાં આવી અને ઇ.એસ.આઇમાંથી પરવાનગીના દસ્તાવેજ જમા કરાવ્યા બાદ ડીપોઝીટ પરત મળશે તેમ આશ્વાસન આપવામાં આવ્યું. દીપકભાઇએ પરવાનગીના દસ્તાવેજ તો ૨-૩ દીવસમાં જ જમા કરાવ્યા પણ ડીપોઝીટની રકમ દોઢ વર્ષ પછી પણ ચુકવવામાં આવી નથી. કહેવાય છે કે હોસ્પીટલનું બીલ હજુ પાસ થયું નથી એટલે કામદારને તેમની ડીપોઝીટ પરત કરવામાં આવતી નથી.

સુરતમાં પણ ખાનગી હોસ્પીટલોના બીલ લાંબા સમયથી ચુકવાયા નથી અને ત્યાં પણ કામદારો હેરાન થાય છે. વ્યવસાયીક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળે ઇ.એસ.આઇ.કોર્પોરેશનના ગુજરાતના ક્ષેત્રીય અધીકારી સમક્ષ ઇ-મેઇલ દ્વારા આ સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવા રજુઆત કરી. મંડળના પ્રતીનીધીઓએ વડોદરા સ્થીત મદદનીશ નીયામકશ્રી ડો. શ્રીવાસ્તવ સમક્ષ રજુઆત કરી હતી ત્યારે તેમણે જણાવ્યું હતું કે જોડાણ કરેલ હોસ્પીટલો અંગેનો સમગ્ર વહીવટ ઇ.એસ.આઇ કોર્પોરેશન કરે છે અને કામદારોની હેરાનગતીનું તેમને પણ દુખ છે. તેઓ રાજયના કામદાર રાજય વીમા યોજનાના (ઇ.એસ.આઇ.એસ.) નીયામકશ્રી સમક્ષ આ અંગે રજુઆત કરશે તેવું આશ્વાસન આપ્યું હતું.

## પ્રેસનોટ



કામદાર રાજય વીમા નીગમના નીર્ણય મુજબ ૨૦ ફેબ્રુઆરીના જાહેરનામા મુજબ સમગ્ર વડોદરા જીલ્લો હવે કામદાર રાજય વીમા કાયદા હેઠળ આવરી લેવાયો છે. આ એક મોટો નીર્ણય છે જેની લાંબા સમયથી જરુર હતી. વ્યવસાયીક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ આ નીર્ણયને આવકારે છે. આ નીર્ણય મુજબ હવે પાદરા-જંબુસર રોડના એકમો, સાવલી-મંજુસરના એકમો, પોર-રમણગામડીના એકમો અને વાઘોડીયા વીસ્તારના અગાઉ આવરી લેવાયા ન હોય તેવા ૧૦ કે તેથી વધુ કામદારોને કામે રાખતા ઉત્પાદન એકમો અને સીનેમાઘરો, દુકાનો વીગેરેને આ કાયદો લાગુ પડશે અને ૧ માર્ચથી તેમનો ફાળો જમા કરાવવો ફરજીયાત બનશે. રુ.૨૧,૦૦૦/- સુધીના પગારદાર કામદાર-કર્મચારીના પગારમાંથી ૧.૭૫% અને માલીકના ૪.૭૫% ફાળો જમા કરાવવાના રહેશે. એક અંદાજ મુજબ નવા ૮૦,૦૦૦થી એક લાખ કામદાર-કર્મચારીઓ જોડાશે. જોડાવાના પહેલા દીવસથી જ તેઓ તબીબી સેવાઓ મેળવવા હકદાર બને છે પણ માંદગી લાભ મેળવવા તેમણે સપ્ટેમ્બર સુધી વાટ જોવી પડશે. હાલ વડોદરામાં વીમાના દવાખાના અપુરતા છે અને નવા વીસ્તારોમાં સેવાઓ આપવા તાત્કાલીક વ્યવસ્થા ઉભી કરવી પડશે. કારાવી નીગમના જણાવ્યા અનુસાર વીવીધ વીસ્તારોમાં જનરલ પ્રેકટીસ કરતા ખાનગી તબીબોને આ કામમાં જોતરવામાં આવશે. આ વીસ્તારના જનરલ પ્રેકટીસ કરતા ખાનગી તબીબોને માટે મોટી તક ઉભી થઇ છે. જો કે વડોદરાની ગોત્રીની વીમા હોસ્પીટલમાં પુરા સમયના ઓર્થોપેડીક અને આંખના તબીબ વીગેરે ન હોવાને કારણે વીમા કામદારોને તકલીફ પડે છે. હાલ વીમા નીગમ પાસે કોઇ મેડીકલ રેફરી પણ નથી તેથી જેમને રેફરી પાસે મોકલવામાં આવે છે તેમને અંકલેશ્વર સુધી લાંબા થવું પડે છે. મંડળ આ અંગે સતત રજુઆતો કરતું રહ્યું છે. વાઘોડીયા વીસ્તારના કામદારો લાંબા સમયથી સેકન્ડરી તબીબી સારવાર માટે તે જ વીસ્તારની હોસ્પીટલમાં સેવા મળતી થાય તેવી વ્યવસ્થા કરવા માગણી કરી રહ્યા છે પણ તેનો ઉકેલ આવતો નથી. દવાખાનાઓનો વહીવટ સુધારવાની તાતી જરુર છે. દાંડીયા બજાર, મકરપુરા ગામ અને નવાયાર્ડના દવાખાના ઉપરના માળે છે જયાં બીમાર, વૃધ્ધો, સગર્ભા મહીલાઓ, બાળકો વીગેરેને તકલીફ પડે છે. આ દવાખાનાઓ અત્યંત જર્જરીત મકાનોમાં છે. વારસીયા દવાખાનું તો પોતે બીમાર હોય તેવુ છે જયાં બહાર ડુકકરની વસ્તી છે અને પારાવાર ગંદકી હોય છે, સંકુલને ચોરતફ દીવાલ કરવાની માગણી કરવામાં આવી છે જેનો અમલ થતો નથી. આઇવીએફ કરાવનાર વીમા કામદાર દંપતીઓના નાણા આવતા નથી તો કેટલાક કામદારો પાસે ખાનગી હોસ્પીટલોએ લીધેલી ડીપોઝીટ પરત આપવામાં આવતી નથી. કોઇને કોઇ બહાને વીમા કામદારોને સયાજી હોસ્પીટલમાં રીફર કરવામાં આવે છે અને ઇમરજન્સીમાં ખાનગીમાં સારવાર કરાવી હોય તેવા વીમા કામદારોને સારવારના નાણાં ચુકવાતા નથી. કારાવી નીગમની પેટીમાં કામદારોના ખીસામાંથી નાણાંનો પ્રવાહ તો સતત વહેતો રહે છે પણ સુવીધાઓ સુધરવાનું નામ લેતી નથી તે લાંબો સમય નહી ચાલે. આ કાયદાનો હેતુ માત્ર સરકારી તીજોરી ભરવાનો નથી પણ કામદારોના કલ્યાણનો છે તે ભુલાવું જોઇએ નહી.

## જન સ્વાસ્થ્ય અભીયાન:

વર્ષ ૨૦૦૦માં વીશ્વ આરોગ્ય સંસ્થાના વચન “૨૦૦૦ના વર્ષ સુધી સૌને માટે આરોગ્ય” (હેલ્થ ફોર ઓલ બાય ૨૦૦૦)નો અમલ ન થયાના વીરોધમાં ઉભી થયેલ આંતરરાષ્ટ્રીય ચળવળમાં ભારતમાં લોકો સાથે આરોગ્ય પર કામ કરતી સંસ્થાઓ પણ જોડાઇ. ભારતમાં તેનું નામ જન સ્વાસ્થ્ય અભીયાન રખાયું અને જુદા જુદા રાજયોમાં પણ તે નામે ચળવળ શરુ થઇ તેમાં પીટીઆરસી શરુથી જ જોડાઇ.




હાલ રાજયની સંચાલન સમીતીના સભ્ય તરીકે જગદીશ પટેલ સેવા આપે છે. સદર વર્ષ દરમીયાન થયેલી અનેક બેઠકોમાં ભાગ લીધો. ૨૪ કલાક ચાલુ રહેતા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રોનો અભ્યાસ કર્યો તેમાં પીટીઆરસી જોડાઇ અને એક કેન્દ્રનો અભ્યાસ કર્યો. સપ્ટેમ્બર મહીનાની ૨૨-૨૩ તારીખોએ રાયપુર ખાતે મળેલ રાષ્ટ્રીય સભામાં ગુજરાતમાંથી ૧૩ સંસ્થાઓના ૬૪ પ્રતીનીધીઓએ તેમાં હાજરી આપી. પીટીઆરસી વતી જગદીશ પટેલે હાજરી આપી. ૨૨/૯ને રોજ ૧૧.૩૦થી ૧.૦૦ના "આરોગ્ય જોખમાવતા કોપોરેશનો" નામના સમાંતર સત્રમાં જગદીશ પટેલને રજુઆત કરવાની તક મળી.

## પ્રવચનઃ



- ૧૫/૪- મહેમદાવાદના સીનીયર સીટીઝન મંડળમાં વકતવ્ય.
- ૧૧ જુનને દીવસે સોલા મેડીકલ કોલેજમાં ઇન્ડીયન ઇન્સ્ટીયુટ ઓફ પબ્લીક હેલ્થના વીદ્યાર્થીઓ સમક્ષ વાર્તાલાપ આપ્યો.
- ૨૯/૧ને દીવસે ગાંધીનગર વાલ્મીમાં ઇજનેરો સમક્ષ મજુર કાયદાઓ અંગે પ્રવચન આપ્યું.

## રજુઆતઃ

- ૨૨/૪- ભારત સરકારના મજુર મંત્રાલયને લેબર કોડ અંગે રજુઆત મોકલી
- ૨૭/૪ - ગાંધીનગર પોલીસ અકાદમીમાં રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ (એન.એચ.આર.સી.) યોજીત જાહેર સુનાવણીમાં ભાગ લઇ રજુઆત કરી. તેજ દીવસે બાંધકામ મઝદુર સંગઠન દ્વારા વીશ્વ કામદાર સ્મૃતી દીવસ નીમીત્તે યોજાયેલ કાર્યક્રમમાં ભાગ લઇ રજુઆત કરી.

- ♥ ૪ મેને દીવસે મીતેશભાઇ ગાંધીનગર ગ્રામીણ મજુર કમીશ્નરશ્રીના કાર્યાલયમાં જંબુસરના રુકસાનાબહેનના દાવા અંગે રજુઆત કરવા ગયા. તે પછી તેના અનુસંધાનમાં ૧૦ મે દીવસે એમણે ભરુચમાં ઔદ્યોગીક સ્વાસ્થ્ય અને સલામતીની કચેરીની મુલાકાત લીધી અને એકસરે પરત કરવા માટે લેખીત રજુઆત કરી. ઉપરાંત સરકારી મજુર અધીકારી (ગ્રામીણ)ની કચેરીની પણ મુલાકાત લીધી. ફરી ૩૦ જુલાઇને રોજ ભરુચમાં ઔદ્યોગીક સ્વાસ્થ્ય અને સલામતીની કચેરીની મુલાકાત લીધી. ફરી ૨૪ ઓગષ્ટે ભરુચમાં ઔદ્યોગીક સ્વાસ્થ્ય અને સલામતીની કચેરીની મુલાકાત લીધી. સર્ટીફાઈંગ સર્જન ડો.પટેલે માહીતી આપી કે દાવો ગાંધીનગર મંજુરી માટે મોકલી આપવામાં આવ્યો છે. ૨૯/૧૧ને રોજ ફરી ગાંધીનગર જઇ દાવા સંબંધે થયેલી પ્રગતીની તપાસ કરી.
- ♥ ૨૪ ઓગષ્ટે તેમણે ગાંધીનગર જઇ લઘુત્તમ વેતનના ઠરાવોની નકલ મેળવી. સહાયક મજુર સચીવશ્રીની મુલાકાત લઇ ખંભાતના પીડીતોને કરવામાં આવેલી ચુકવણી વીગેરે અંગે રજુઆત કરી.
- ♥ ૨૦ ડીસેમ્બરે ગાંધીનગરમાં આદીવાસી વીકાસ કમીશ્નરશ્રીને રુબરુ મળી સ્થળાંતર કરતા કામદારો માટે એક રીસોર્સ સેન્ટર ઉભું કરવા અંગે નોંધ આપી.
- ♥ જાન્યુઆરીમાં સરકારી શ્રમ અધીકારી અને ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના આણંદ કાર્યાલયની મુલાકાત લઇ અંબાલાલભાઇ અને હબીબશાની અરજીઓ અંગે ફોલોઅપ કર્યું.

## ડાયાબીટીસઃ

- ♣ યુનોના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલમાં બીનચેપી રોગો અંગે ભાર મુકવામાં આવ્યો છે. આ વર્ષ અનાયાસે આપણને આ એનસીડી પર કામ કરવાની તક મળી. ઈઝરાયલમાં પબ્લીક હેલ્થનું ભણતી મૃદુલા ભાર્ગવને એક સ્પર્ધામાં ઇનામ મળ્યું પણ ઇનામની રકમ એ પોતે લઇ ન શકે પણ એ સુચવે તે સંસ્થાને મળે. એણે પીટીઆરસીનું નામ સુચવ્યું. મૃદુલા પોતે બચપણથી ડાયાબીટીસથી પીડાય એટલે એને ડાયાબીટીસથી પીડાતા બાળકો સાથે કામ કરવામાં રસ હતો. આણંદની એકદીશા ફાઉન્ડેશન સાથે પણ આપણે સંકળાયેલા છીએ જેણે આપણને મૃદુલા સાથે ઓળખાણ કરાવી.
- ♣ ૭ જુલાઇએ એકદીશા ફાઉન્ડેશન, ત્રીભુવનદાસ ફાઉન્ડેશન અને પીટીઆરસી વચ્ચે આ વીષયે કામ કરવા કરાર થયા.




- ♣ ૨૨/૧૨- રાવપુરા રેડક્રોસમાં આ અંગે કામ કરવા ચર્ચા ગોઠવાઈ અને ફરી ૩૧ ડીસેમ્બરે ચર્ચા આગળ ચાલુ રાખી.
- ♣ ૧૭/૨ - મૃદુલા સાથે દીલ્હીમાં ડાયાબીટીસથી પીડાતા બાળકોને ઇન્સ્યુલીન મુકવા માટેના પાઉચ ભેટ આપ્યા.

## હાજરી:

- ૩/૪- વડોદરામાં “સહજ” આયોજીત એસડીજીની બેઠકમાં હાજરી આપી.

- ૨૩/૫ – દીલ્હીમાં એફ.ઇ.એસ.દ્વારા આયોજીત લેબર કોડ અંગેની ચર્ચામાં હાજરી આપી.

- ૩૧/૫ – રાજસ્થાનના ઉદેપુર જીલ્લાના ઝાડોલ તાલુકાના કાકણપુરની મુલાકાત લઇ ત્યાં ઉપસ્થીત એસ્બેસ્ટોસ ખાણના પુર્વ કામદારો અને એસ્બેસ્ટોસજનીત રોગથી પીડીત લોકો સાથે મીટીગ કરી.




- ૨૨-૨૩/૬ મુંબઇ ખાતે એશીયન ડેવલપમેન્ટ બેન્કની વાર્ષીક બેઠક પ્રસંગે લોકો વચ્ચે રહી વીકાસના કામો કરતી સંસ્થાઓએ પીપલ્સ કોન્ફરન્સનું આયોજન કર્યું. તેમાં એસ્બેસ્ટોસ અંગે એક કાર્યશાળા રાખી. તેમાં રજુઆત કરી.

- ૨૬-૨૭/૬ - મીતેશભાઇએ ગાંધીનગર ખાતે પોષણ અંગેની રાજ્યસ્તરીય તાલીમ કાર્યશાળામાં ભાગ લીધો.
- ૯થી૧૪ જુલાઇ દરમીયાન એશીયન બેન એસ્બેસ્ટોસ અને એનરોવની કોલંબો ખાતે મળેલ બેઠકમાં જગદીશ પટેલે હાજરી આપી.
- ૨૦-૨૧/૮- દીલ્હીમાં યુનીવર્સલ હેલ્થ કેર પર સેવાની બેઠકમાં હાજરી આપી.
- ૨૮-૨૯/૯- સ્થળાંતરીત આદીવાસી કામદારો અંગેના કાર્યક્રમમાં હાજરી આપી. રજુઆત પણ કરી.
- ૬-૭-૮/૧૦ ઇરોડ, કોઇમ્બતુર. "શોઝ" નામની સંસ્થા આયોજીત બેઠકમાં ૭મી એ હાજરી આપી.૮મીએ મુલાકાતો કરી.



- ૧૫/૧૨ -અમદાવાદ બાંધકામ મઝદુર સંગઠનના કાર્યક્રમમાં હાજરી આપી.
- ૨૦/૧૨ - અમદાવાદ ગુજરાત વીદ્યાપીઠમાં આદીવાસી કામદારો અંગે વીભાગને સુચનો આપવાની ચર્ચામાં ભાગ લીધો.

- ૧૩/૧૪/૧૫ જાન્યુઆરી દરમીયાન દીલ્હી ખાતે સીલીકોસીસ વર્કશોપ અને તે પછી એસ્બેસ્ટોસ મીટીંગ તેમજ આંતર્રાષ્ટ્રીય કોન્ફરન્સમાં હાજરી આપી.

- ૨૬-૨૭-૨૮/૨ – દીલ્હી ખાતે "પ્રીઆ" સંસ્થા આયોજીત કોમ્યુનીટી બેઝડ પાર્ટીસીપેટરી રીસર્ચની વર્કશોપમાં ભાગ લીધો. ૨૮મીએ અમેરીકન સેન્ટરમાં વાર્તાલાપ યોજાયો જેમાં પેનલના સભ્ય તરીકે ભાગ લીધો
- ૧૬/૩ - આજીવીકા બ્યુરો દ્વારા પાવરલુમ કામદારોના અવાજને કારણે આવતી બહેરાશ અંગેના અભ્યાસનો અહેવાલ રજુ કરતી મીટીંગમાં સુરત ખાતે હાજરી આપી.

**મુલાકાતઃ**

- ૧૫/૪ - મહેમદાવાદમાં બીપીન શ્રોફ, ઉર્વીશ કોઠારીની મુલાકાત લીધી.
- ૧૬/૬ને દીવસે સુરત નજીક ઉન ખાતે રમેશ પટેલને મળ્યા અને તેમની સાથે કાપડ ઉદ્યોગના કામદારોને મળી મીટીંગના આયોજન અંગે ચર્ચા કરી.
- ૨૨/૮- અમદાવાદ એનઆઇઓએચમાં નીયામક ડો.કમલેશ સરકાર સાથે મીટીંગ કરી આગામી દીવસોમાં ઓહેની સભ્યોની બેઠકના ભાગરુપે સંસ્થાની મુલાકાત માટે પરવાનગી આપવા સંબંધે ચર્ચા કરી.
- ૨૩/૧૦- ભાવનગર સેવાના બહેનો અલંગનું જે કામ કરતા હોય તે જોવા ગયો.
- ૧/૩ - દીલ્હી- "યુનીયન" સંસ્થાની ઓફીસમાં ટીબીના ખોટા નીદાન અંગે ચર્ચા કરવા ડો.કરુણા અને એના સાથીઓને મળ્યો.
- ૨૭/૩ - અંબાજીની ખાણો અને મુર્તી બનાવવાનું કામ કરતા એકમો જોઇ સ્થાનીક આગેવાનોને મળ્યા.

**મહેમાનઃ**

- ૭/૪- ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના પુર્વ અધ્યક્ષ શ્રી કે.યુ.મીસ્ત્રી મળવા આવ્યા.
- ૪/૫ - ખંભાતના શ્રી નરેન્દ્ર શાસ્ત્રી મળવા આવ્યા અને "આપ કયું રોએ"ની નકલ લઇ ગયા.
- ૧૫/૧૦- આઇપ્રોબોનો સંસ્થાના યોહાના લોખંડે અને બીનીતા મોદી મળવા આવ્યા.
- ૧૧/૨- સ્કુલ ઓફ ઓરીએન્ટલ એન્ડ આફ્રીકન સ્ટડીઝ, યુની.ઓફ લંડનના અધ્યાપક શ્રી સાતોષી મીયામુરા મળવા આવ્યા

## તાલીમ/મીટીંગનું આયોજનઃ

- ૨૪/૬ - સુરત નજીક ઉન ખાતે રમેશ પટેલના સહયોગથી કાપડ ઉદ્યોગના કામદારોની મીટીંગનું આયોજન કર્યું.



- ૩૦/૬ – વાઘોડીયા ખાતે મુંજાલ ઓટોના હોલમાં વાઘોડીયા વીસ્તારના કામદારો માટે ઇએસઆઇ અંગે તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું.
- ૪/૭ – રાજકોટ ખાતે કેન્દ્રીય કામદાર શીક્ષણ બોર્ડના હોલમાં સૌ.મજુર મહાજનના સહયોગથી ફાઉન્ડ્રી

કામદારો માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું.

- ૧૩/૮-ઉદેપુરમાં “પ્રયાસ”ની ઓફીસમાં મીટીંગ કરી જેમાં એસ્બેસ્ટોસની ખાણો કયાં કયાં છે તેની વીગત મેળવી અને તેની આસપાસના ગામોમાં સર્વે કઇ રીતે કરવો તેની ચર્ચા કરી નીર્ણય લીધા.
- ૨૩/૮- રાજકોટ ખાતે ફાઉન્ડ્રી કામદારો સાથે ફોલોઅપ બેઠક કરી.
- ૨૪/૮- જુનાગઢમાં બાંધકામ મઝદુર સંગઠન સાથે બાંધકામ કામદારોની તાલીમ



- ૨૫/૮- વેરાવળમાં પ્રાંચીમાં બાંધકામ કામદારોની તાલીમ
- ૧૭/૮- રાજકોટમાં સીલીકોસીસ ગ્રુપની બેઠક રાખી.
- ૨૭-૨૮/૯- અમદાવાદમાં “ઓહેની”ની સભ્ય સંસ્થાઓના પ્રતીનીધીઓની બેઠક કરી. પછી એન. આઇ. ઓ. એચ.ની મુલાકાત લીધી.
- ૨૬/૧૧ – હાલોલમાં હાલોલ વીસ્તારના એકમોના કામદારો માટે ઈએસઆઇ અંગે તાલીમ કાર્યક્રમનું આયોજન.
- ૫-૬-૭/૧૨- ભાવનગરમાં વીવીધ વીસ્તારોમાં “સેવા”ની ભંગાર તોડવાનું અને પ્લાસ્ટીક રીસાયકલીગ કરતી બહેનોને વ્યવસાયીક અરોગ્ય અને સલામતીની તાલીમ આપી.
- ૯/૧૨- રાજકોટમાં કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલના હોલમાં એસટીના કામદારોની વ્યવસાયીક આરોગ્ય અને સલામતીની તાલીમ કરી.
- ૩/૦૧ - અમદાવાદમાં ગુજરાત વીદ્યાપીઠમાં લેબર કોડ પર કાર્યક્રમ કર્યો.
- ૬/૧- અલંગમાં અલંગના કામદારોની વ્યવસાયીક અરોગ્ય અને સલામતીની તાલીમ કરી.
- ૧૬/૧- દીલ્હીમાં એસ્બેસ્ટોસ અંગે મીટીગ કરી.

**દરખાસ્તઃ**

- ૨/૫- યસ ફાઉન્ડેશનને ૩ મીનીટની વીડીયો સ્વરુપે સીલીકોસીસ પર કામ કરવા માટેની દરખાસ્ત મોકલી.

- ❖ ૫/૫- યસ ફાઉન્ડેશનને ૩ મીનીટની વીડીયો સ્વરુપે હોસ્પીટલમાં વ્યવસાયીક રોગોના નીદાન માટે કામ કરવા સંબંધે દરખાસ્ત મોકલી.
- ❖ ૧૮/૫ – યસ ફાઉન્ડેશન દ્વારા બંને વીડીયો પહેલી કસોટીમાંથી પાસ થઇ અને આપણને કેટલાક ફોર્મ ભરવા આમંત્રણ આપ્યું જે ભરીને મોકલી આપ્યા.
- ❖ ૨/૨- ઇએસઆઇ યોજનાના નીયામકશ્રીને વડોદરાની વીમા હોસ્પીટલમાં તબીબો માટે વ્ય.રોગોના નીદાન અંગે ચર્ચા માટે દરખાસ્ત મોકલી

## ઇકેકટ્રોનીક મીડીયાઃ

- ➢ ૧૧ એપ્રીલ - સુવીધા સમાગમમાં રજુઆત.જીટીપીએલમાં ઇએસઆઇ અંગે ચર્ચા રેકોર્ડ કરી જેમાં વંદન ભટ્ટ અને મહેન્દ્ર ચૌહાણે ભાગ લીધો.
- ➢ ૧૬/૪ - જીટીપીએલમાં ઇએસઆઇ અંગે ચર્ચા રેકોર્ડ કરી જેમાં વંદન ભટ્ટ અને મહેન્દ્ર ચૌહાણે ભાગ લીધો.

## અખબારોમાંઃ

| અનુ ક્રમ | તારીખ | અખબાર | મથાળું | કોલમ | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫-૦૪-૧૮ | નવ ગુજરાત સમય | ગુજરાતમાં દોઢ કરોડ અસંગઠીત શ્રમીકોને ન્યાય અપાવનાર ઘણા બધા છે ને હજુય ઘણા જોઇએ છે | સમુદ્રમંથન | ડો.વીદ્યુત જોષી |
| ૨ | ૨૯-૦૪-૧૮ | દીવ્યભાસ્કર | ખંભાતમાં વીશ્વ કામદાર સ્મૃતીદીનની ઉજવણી | | |
| ૩ | ૩૦-૦૪-૧૮ | સંદેશ | ખંભાતમાં સીલીકોસીસ પીડીતોના ધરણા, મૌન રેલી યોજી વીરોધ | | |
| ૪ | ૩૦-૦૪-૧૮ | સંદેશ | સહાય વીના મોતને શરણ થતા સીલીકોસીસના દર્દીઓને મદદ કરવા એનએચઆરસી સમક્ષ માગ | | |
| ૫ | ૦૪-૦૫-૧૮ | નવ ગુજરાત સમય | પથ્થર ઘસવામાં જીવલેણ સીલીકોસીસનો ભોગ બનતા ગુજરાતના મજબુર મજુરોના વીતક | ક્ષીતીજ | સંજય ભાવે |
| ૬ | ૧૪-૦૭-૧૮ | ગુજરાત ગાર્ડીયન | બધું બદલાયું, પણ મજુરોનું શોષણ નહી બદલાયું | વીસ્તરતી ક્ષીતીજો | સુર્યકાંત શાહ |
| ૭ | ૨૧-૦૭-૧૮ | કાઉન્ટરવ્યુ | સીલીકોસીસઃ ગુજરાત હાઇકોર્ટ આસ્કસ એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યુ.કોર્પોરેશન ટુ પે કોમ્પેનસેશન ટુ નાઇન વીકટીમ્સ ઓફ ડેડલી ડીસીઝ | | |
| ૮ | ૨૨-૦૭-૧૮ | સંદેશ | સીલીકોસીસ પીડીત કામદારોની તરફેણમાં ચુકાદોઃ ઇએસઆઇસી કામદારોના દુખમાં વધારો કરે છેઃ હાઇકોર્ટની સખત ઝાટકણી | | |
| ૯ | ૨૨-૦૭-૧૮ | ઇન્ડીયન એક્સપ્રેસ | હાઇકોર્ટ ડીસમીસીસ ઇએસઆઇ પીટીશન્સ ચેલેન્જીંગ કોમ્પેનસેશન | | |
| ૧૦ | ૨૨-૦૭-૧૮ | ટાઇમ્સ ઓફ ઇન્ડીયા | હાઇકોર્ટ અપહોલ્ડસ કોમ્પેનસેશન ફોર વર્કર્સ સફરીંગ ફ્રોમ સીલીકોસીસ | | |
| ૧૧ | ૨૭-૦૭-૧૮ | બીબીસી ગુજરાતી | ગુજરાત મહીલા કામદારોની વ્યથા; કામ દરમીયાન શૌચાલય પણ જવા દેતા નથી | | |
| ૧૨ | ૧૮-૦૭-૧૮ | નયા પડકાર | એકદીશા ફાઉન્ડેશન, પીટીઆરસી અને ત્રીભુવનદાસ ફાઉન્ડેશન વચ્ચે ડાયાબીટીસ પર કરાર કરવામાં આવ્યો. | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | ૧૭-૦૩-૧૯ | કાઉન્ટરવ્યુ | ઇએસઆઇએસ ટુ એનરોલ પ્રાઇવેટ પ્રેકટીશનર્સ એસ ઇટ એકસપાન્ડસ ટુ વડોદરા ડીસ્ટ્રીકટ બેનીફીટ ૮૦,૦૦૦ વર્કર્સ | | |
| ૧૪ | ૧૭-૦૩-૧૯ | કાઉન્ટરવ્યુ | ડીમાન્ડ ફ્રોમ ગુજરાત ગવર્મેન્ટ ટુ સપોર્ટ સીલીકોસીસ પેશન્ટસ કન્ટીન્યુઅસલી ઓન ઓકસીજન | | |
| ૧૫ | ૧૮-૦૩-૧૯ | સંદેશ | કામદાર રાજય વીમા હેઠળ સમગ્ર વડોદરા જીલ્લાને આવરી લેવાયો | | |
| ૧૬ | ૨૬-૦૩-૧૯ | ઇન્ડીયન એકસપ્રેસ | એનએચઆરસી નોટીસ ટુ ગુજરાત ગવર્મેન્ટ ફોર ફેઇલીગ ટુ પ્રોટેકટ અગેટ વર્કર્સ | | |

**અમારા ટેકેદાર:**

- ✓ ઓકે ઇન્ટરનેશનલ, અમેરીકા દ્વારા રૂ.૪૮,૫૬૭/- ટીબી અંગેના કામ માટે મળ્યા.
- ✓ એશીયા મોનીટર રીસોર્સ સેન્ટર, હોંગકોંગ દ્વારા રૂ.૭,૪૦,૯૨૦/- વ્યવસાયીક આરોગ્ય અને સલામતીની પ્રવૃત્તી અને નેટવર્કીંગ માટે મળ્યા.
- ✓ એફઇએસ તરફથી રૂ.૨૯,૯૬૦/- તાલીમ માટે મળ્યા
- ✓ એશીયા મોનીટર રીસોર્સ સેન્ટર, હોંગકોંગ દ્વારા તરફથી રૂ.૧૯,૨૦૦/- એસ્બેસ્ટોસના કામ માટે મળ્યા
- ✓ કાફ,અમેરીકા તરફથી ડાયાબીટીસ અને અન્ય કામ માટે રૂ.૧૩,૪૬,૮૮૧/- મળ્યા.
- ✓ વ્યકતીગત દાતાઓ તરફથી વર્ષ દરમીયાન કુલ રૂ.૩,૩૬,૫૦૨/- પ્રાપ્ત થયા જેની યાદી નીચે મુજબ છે.

| અનુક્રમ | નામ | રકમ |
|---|---|---|
| 1 | સુભાષ સોકા ડામોર | 30,000 |
| 2 | મેનાબેન નંદુભાઇ | 30,000 |
| 3 | ખુમસીગ ફતા કામોળ | 30,000 |
| 4 | લાલસીગ સડીયા ગરાસીયા | 30,000 |
| 5 | ડો.જગદીશ પરીખ, અમદાવાદ | 20,000 |
| 6 | શ્રી જયદેવભાઇ ગોકુલગાંધી, મુંબઇ | 02,501 |
| 7 | શ્રીમતી હીના ગોકુલગાંધી, મુંબઇ | 02,501 |
| 8 | ધીરુ મીસ્ત્રી | 05,600 |
| 9 | સેવા રુરલ | 00,400 |
| 10 | ડો.વસુબેન ગોકાણી | 05,000 |
| 11 | ભારતીબેન ગણપતસીહ | 10,000 |
| 12 | અતુલ પડીયા | 24,500 |

| | | |
|---|---|---|
| 13 | રાજુભાઇ સોલંકી | 05,000 |
| 14 | ડાઇઝ એન્ડ કેમીકલ વર્કર્સ યુનીયન | 00,500 |
| 15 | ગુજરાત રાજય સહકારી  મંડળી કર્મચારી સંઘ | 00,500 |
| 16 | સુશ્રી મીથીલ સુભાષ સામંત | 06,000 |
| 17 | કમીલા ફતા કામોળ | 30,000 |
| 18 | શ્રી રમેશ બી.પટેલ | 74,000 |
| 19 | શ્રી રમેશ કે પટેલ | 30,000 |
| | **કુલ** | 3,36,502 |

## નાણાંકીય અહેવાલઃ

વર્ષ ૨૦૧૮-૧૯ દરમીયાન વ્યાજની રકમ સહીત સંસ્થાની આવક કુલ રુ. ૨૬,૦૨,૦૩૬/- થઇ. તે સામે સંસ્થાએ વીવીધ હેતુઓ માટે રુ.૧૮,૨૪,૮૪૨.૮૬નો ખર્ચ કર્યો.

## અમારી ટીમઃ

વર્ષ દરમીયાન ટીમમાં મારી સાથે ક્ષેત્રકાર્યમાં મીતેશ મહીડા રહ્યા અને હીસાબી કામો માટે નીરંજના પટેલ રહ્યા. થાનના કામ માટે નીલેશ અલગોતર માર્ચ મહીનાથી જોડાયા અને માર્ચને અંતે સરકારી નોકરી મળવાને કારણે છુટા થયા.ડાયાબીટીસના કામમાં મૃદુલા ભાર્ગવ અને  પલ્લવી ગુપ્તા અમારી સાથે રહ્યા.